
# અધૂરો ઈમોશનલ ઈન્સાન ને યારોનો યાર: સંજુબાબા

**સંગત સિતારોં કી**

★ સંજય છેલ



સંજય દત્ત વિશે લખું છું તો હું 25-26 વર્ષ જૂની યાદોની ખીણમાં ઊછળીને પડતો હોઉં એવું લાગે છે. 1990માં કોલેજમાંથી નીકળીને હું રમેશ તલવાર દિગ્દર્શિત ફિલ્મ ‘સાહિબા’માં ત્રીજો આસિસ્ટન્ટ હતો, જેમાં સંજુ હીરો હતો. કેમેરા સામે પહેલીવાર શોટ-સીન-ટેક નંબર બોલીને લાકડાની સ્લેટની પટ્ટી પછાડી તો સંજુના ચહેરા પર ચોકની ખૂબ બધી ભૂક્કી ઊડી. શોટ કટ થયો. બધાં મને ઘૂરકીને જોવા માંડ્યા, પણ સંજુએ કહ્યું, “રિલેક્સ!” પછી તેણે મારો હાથ પકડીને ક્લેપ મારતાં શીખવ્યું. થોડાં વર્ષ પહેલાં જ્યારે સંજુબાબાને જેલ થઈ ત્યારે મને થયું કે, કાશ! ત્યારે હું સંજુને કહી શકત, “સંજુબાબા, રિલેક્સ!”

‘સાહિબા’ ફિલ્મના મૈસૂરના શૂટિંગમાં નિર્માતાએ સ્ટાર્સને ફાઈવ-સ્ટાર હોટેલમાં અને અમને આસિસ્ટન્ટોને બહુ ગંદી હોટેલમાં ઉતારેલા. સંજુએ મારું મોઢું પડેલું જોયું અને તરત જ કહ્યું, “મારી રૂમમાં આવી જા.” પરીકથાની જેમ લલિતા મહેલ પેલેસના આલિશાન પ્રેસિડેન્શિયલ રૂમમાં રહેવાનો મોકો મળ્યો. કોઈ પણ ઓળખાણ, લાભ કે ગણિત વિના તેણે અજાણ્યા છોકરાને સાચવી લીધો. એ જ ફિલ્મના શૂટિંગમાં વર્કરોને પૈસા ન મળે ત્યારે સંજુ યુનિયન લીડરની જેમ શૂટિંગ રોકીને નિર્માતાના નાક નીચેથી પૈસા કઢાવતો. સંજુને બોમ્બબ્લાસ્ટ કેસમાં સજા થઈ ત્યારે મને થયું કે મેં જોયેલા આ સંજય દત્તની આ માનવીય બાજુ હવે કોણ માનશે?

‘સાહિબા’ ફિલ્મમાં મનાલીમાં એક એક્શન સિક્વન્સમાં સાંકડા પહાડી રસ્તાઓ વચ્ચે ઘેટાંનું ટોળું સંજુને રોકે છે અને સંજુ કેવી રીતે ઘોડો કૂદાવીને રસ્તો કરે છે એવું દૃશ્ય હતું. ડિરેક્ટરે મને કહ્યું, “તું એક્શન ડિરેક્ટર સાથે જઈને આ સીન શૂટ કર! આપણને આસિસ્ટન્ટ તરીકે આવો ચાન્સ ફરી ક્યાં મળે?” મેં તો ચારે બાજુથી, જાતજાતના એંગલથી શોટ લેવાના શરૂ કર્યા. સંજુ પહાડીમાં ઘોડો દોડાવતો જાય અને હું રિટેક પર રિટેક કરાવું. એ કંટાળે પણ શું કરે? પાછું આ શૂટિંગ પતાવીને સંજુએ તરત જ મનાલીથી કુલ્લુ જઈને મુંબઈની ફ્લાઈટ પકડવાની હતી. પછી ખબર પડી કે સંજુ મારે કારણે ફ્લાઈટ ચૂકી ગયો છે અને ગુસ્સામાં મને શોધતાં હોકી-સ્ટિક લઈને મનાલીના સેટ પર આવ્યો. હું ઝાડીમાં છૂપાઈ ગયો. એ મને શોધ્યા કરે. અમારા વચ્ચે બે કલાક સંતાકૂકડી ચાલી અને મને સ્થાનિક ભરવાડના કપડામાં છૂપાયેલો જોઈને હસી પડ્યો અને કહ્યું, “સાલે, તેરે કો શોટ લેને કા બહુત કીડા હૈ ના? અભી તો તેરે કો એક દિન ડિરેક્ટર બનના હી પડેગા.”

છેક 1990ના એ શબ્દો તેણે 1997-98માં પાળ્યા અને મારી સાથે લેખક-નિર્દેશક તરીકે ‘ખૂબસૂરત’ (1999) નામની સફળ ફિલ્મ કરી. હું લેખકમાંથી ફિલ્મ-નિર્દેશક બન્યો, એ સંજુને કારણે જ. માત્ર 28 વર્ષના નવા છોકરા પર કરોડોની ફિલ્મ માટે ભરોસો કોણ મૂકે? ફિલ્મ શરૂ કરવા સંજુ પોતાના કોર્ટ કેસની સુનાવણીમાંથી સમય કાઢીને પોલિડોર નામની મ્યુઝિક કંપનીમાં નિર્માતાને મળવા વી.ટી.થી છેક વર્લી સુધી આવતો. પણ ત્યાં વાત ન જામી તો તેણે ઝામુ સુગંધ સાથે મામલો ગોઠવી આપ્યો. ‘ખૂબસૂરત’ માટે તેણે ઓછા પૈસા લીધા હતા. દિવસે એ ટાડા કોર્ટમાં જાય અને સાંજે શૂટિંગ કરે. ખૂબ અકળાય, પણ સેટ પર કામ ચૂપચાપ કરી જાય. ખરેખર, સંજુબાબા એટલે ન સમજાય એવો અધૂરો, ભટકેલો, પણ ખૂબ જ લાગણીશીલ માણસ.

સંજુ જેલમાં હતો એ દરમિયાન હું ‘નયા નુક્કડ’, ‘ફિલ્મી ચક્કર’ જેવી સિરિયલો અને ‘રંગીલા’ ફિલ્મ વગેરે કરી ચૂક્યો હતો. જેલવાસ પછી તેની પહેલી ફિલ્મ ‘દૌડ’ના સેટ પર સંજુના હાથ ધ્રૂજતા હતા. એવામાં તેણે મને જોયો અને ભેટી પડ્યો. સાસરામાં પિયરપક્ષનું સગું મળે તો વહુ જેવી હરખાય એવી ખુશી તેની આંખોમાં ચમકી. બે-ચાર ગાળો આપીને કહ્યું, “સાલા, મૈં જેલ મેં ક્યા અંદર ગયા... તુ તો બાહર બડા રાઈટર બન ગયા?”

એ જ ‘દૌડ’ના પહેલા દિવસના શૂટિંગમાં દિલ્હીના નાટ્યજગતમાંથી આવેલા એક બોરિંગ અભિનેતાએ સંજુને પૂછ્યું, “પોલીસ ઓફિસર તરીકે હું તમારો પીછો કરું છું, તો તમે કેવી રીતે ભાગશો? જેથી મને મારા પાત્રની બોડી લેંગ્વેજ ખબર પડે.” સંજુએ કહ્યું, “ડિરેક્ટરને બોલા હૈ તો મૈં ભાગુંગા... ઔર ફિર પોલીસ પીછે પડી હો તો કોઈ કૈસે ભાગતા હૈ, યે મુઝે ક્યા પતા? મેરા પોલીસ સે કભી વાસ્તા પડા હૈ ક્યા?” અને બધાં હસી પડ્યાં. સંજુ પોતાની દરેક ભૂલ કે દુઃખ વિશે જાત પર હસી શકે છે, અથવા તો તેણે હસવું પડે છે. ‘ખૂબસૂરત’ ફિલ્મ વખતે સંજુએ રમતિયાળ ગીતનો આઈડિયા આપ્યો. માત્ર 15 જ મિનિટમાં માઈક પર તેણે એ ગીત ગાઈ નાખ્યું. એ જ ફિલ્મના સ્વિટ્ઝરલેન્ડના શૂટિંગમાં એક ગુજ્જુભાઈ રોકડા પૈસા સંભાળવા નિર્માતા વતી આવેલા. પૈસાની ગરમીને લીધે એ ભાઈ બધાં સાથે અકળાઈને વાત કરે અને વર્કરોને બરાબર ખાવા-પીવાનું પણ ન આપે. સંજુને થયું કે આને પાઠ ભણાવવો પડશે. પછી એક રાત્રે દારૂ પીવાનું નાટક કરીને સંજુએ પેલા ગુજ્જુભાઈને કહ્યું કે, “ટાડા કોર્ટમાં જામીન તરીકે અત્યારે ને અત્યારે દસ લાખ મોકલવાના છે. એની વ્યવસ્થા કરી આપો, નહીં તો હું કાલે શૂટિંગ નહીં કરું. તમારા ઘરે ફોન કરો, મારો માણસ પૈસા લેવા આવશે.”

> **માત્ર 28 વર્ષના નવા છોકરા પર કરોડોની ફિલ્મ માટે ભરોસો કોણ મૂકે? ફિલ્મ શરૂ કરવા સંજુ પોતાના કોર્ટ કેસની સુનાવણીમાંથી સમય કાઢીને પોલિડોર નામની મ્યુઝિક કંપનીમાં નિર્માતાને મળવા વી.ટી.થી છેક વર્લી સુધી આવતો**

પેલા ગુજ્જુભાઈ તો ડરી ગયા. એવામાં મેં ગુજ્જુભાઈનો પક્ષ લેવાનું નાટક કરીને સંજય સાથે ખોટેખોટો ઝગડો કર્યો કે, “શૂટિંગ રોકીને તું આમ બ્લેકમેલ ન કરી શકે.” પછી બોલાચાલીમાં અમે બેઉએ રીતસર હાથાપાઈનું નાટક કર્યું. હું ખોટેખોટો બેહોશ થઈ ગયો, સંજુએ ચાકુ ઉપાડ્યું અને પેલા ગુજ્જુભાઈ પાછળ દોડ્યો. એ ભાઈ કોઈક અજાણ્યા વિદેશીની રૂમમાં ઘૂસી જઈ સોફા પાછળ છૂપાઈ ગયા. વિદેશીએ હોટેલના મેનેજરને બોલાવ્યો, મેનેજરે સ્થાનિક પોલીસને બોલાવી. આ નાટક અમે સતત બે દિવસ ચલાવ્યું.

ત્રીજા દિવસે રોકડા પૈસા અમને આપીને ગુજ્જુભાઈ ભારત પાછા જતા રહ્યા.

આજે સંજય દત્તનો 67મો જન્મદિવસ છે. સંજુ વિચિત્ર કુંડળીમાં અટપટી ગ્રહદશામાં અટવાયેલા ગ્રહ સમો એક શાપિત સ્ટાર છે.

# જંતર મંતરઃ ગઈકાલે દેશનો માર્ગદર્શક, આજે લોકશાહીની ધડકન!

**લાઈફ-ઓન**

★ ફાલ્ગુની આશર

ભારતની રાજધાની દિલ્હીમાં લ્યુટિયન્સ ઝોનની વચ્ચોવચ્ચ સ્થિત જંતર મંતર એક એવું સ્થળ છે, જેનું નામ સાંભળતાં જ આંખો સામે બે વિરોધાભાસી ચિત્રો ઊભાં થઈ જાય છે. એક તરફ રક્તવર્ણી ઈંટોથી બનેલી વિચિત્ર અને આકર્ષક સ્થાપત્યકળા ધરાવતી ખગોળીય વેધશાળા છે, જે ૧૮મી સદીના વિજ્ઞાન અને સ્થાપત્યનો અદ્ભુત નમૂનો છે, તો બીજી તરફ ભારતીય લોકશાહીનો એ સૌથી મોટો મંચ છે, જ્યાં દેશના ખૂણેખૂણેથી આવેલા લોકો પોતાના અધિકારો, માગણીઓ અને આક્રોશને વાચા આપવા માટે એકત્ર થાય છે. જંતર મંતર માત્ર એક ઈમારત કે વિરોધ પ્રદર્શનનું સ્થળ નથી, પરંતુ તે ભારતની સમૃદ્ધ વૈજ્ઞાનિક વિરાસત અને જીવંત લોકશાહી ચેતનાનો અનોખો સંગમ છે. આ સ્થળનો ઈતિહાસ જેટલો ઊંડો અને રોચક છે, તેની વર્તમાન ઓળખ પણ એટલી જ ધબકતી અને મહત્વપૂર્ણ છે. જંતર મંતરના નિર્માણની પૃષ્ઠભૂમિમાં જઈએ તો તેનો સંબંધ ૧૮મી સદીના રાજપૂત રાજા અને ખગોળશાસ્ત્રના ઉત્સાહી અભ્યાસુ આમેરના મહારાજા સવાઈ જયસિંહ બીજા સાથે જોડાયેલો છે. મુગલ બાદશાહ મુહમ્મદ શાહના શાસનકાળ દરમિયાન પંચાંગ, ગ્રહોની સ્થિતિ અને સમયની ચોક્કસ ગણતરી કરવા માટે તત્કાલીન સાધનો અપૂરતા અને અચોક્કસ સાબિત થઈ રહ્યા હતા. મહારાજા જયસિંહ પોતે ગણિત, જ્યોતિષ અને ખગોળશાસ્ત્રના ઊંડા અભ્યાસુ હતા. તેમણે જોયું કે તે સમયે વપરાતા પિત્તળ અને ધાતુના નાના સાધનો તાપમાનના ફેરફારો સાથે વિસ્તરે છે અથવા સંકોચાય છે, જેના કારણે ગણતરીમાં ભૂલો થતી હતી. આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે તેમણે ઈંટો, ચૂનો અને પથ્થરોનો ઉપયોગ કરીને વિશાળ કદના ખગોળીય સાધનો બનાવવાનો નિર્ણય કર્યો, જેથી હવામાનની અસર વિના ચોક્કસ પરિણામો મેળવી શકાય.



મહારાજા જયસિંહે દેશભરમાં કુલ પાંચ જગ્યાએ આવી વેધશાળાઓ બનાવી હતી, જેમાં દિલ્હી, જયપુર, ઉજ્જૈન, વારાણસી અને મથુરાનો સમાવેશ થાય છે. દિલ્હીનું જંતર મંતર ઈ.સ. ૧૭૨૪માં બનીને તૈયાર થયું હતું, ‘જંતર મંતર’ શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ ‘યંત્ર મંત્ર’ પરથી અપભ્રંશ થઈ બન્યો છે, જેનો અર્થ થાય છે ‘ગણતરી કરનારું યંત્ર’ અથવા ‘યંત્રો અને ગણિત’. આ પરિસરમાં સ્થાપિત કરવામાં આવેલા વિશાળ સ્થાપત્યો કોઈ સાધારણ કલાત્મક ઈમારતો નથી, પરંતુ તે દરેક ચોક્કસ ખગોળીય ગણતરીઓ કરવા માટે રચાયેલાં યંત્રો છે.

આ વેધશાળાનું સૌથી અદ્ભુત અને મુખ્ય આકર્ષણ ‘સમ્રાટ યંત્ર’ છે, જે મૂળભૂત રીતે એક વિશાળ સૂર્યઘડિયાળ છે. આ લગભગ ૨૭ મીટર ઊંચી ત્રિકોણાકાર રચના છે, જેની છાયા પૃથ્વીની ધરી સાથે સમાંતર રહે છે. આ સાધન દ્વારા દિલ્હીના સ્થાનિક સમયની ગણતરી અત્યંત ચોકસાઈથી કરી શકાતી હતી. આ ઉપરાંત, ત્યાં ‘જયપ્રકાશ યંત્ર’ આવેલું છે, જે અર્ધગોળાકાર કટોરા-આકારમાં જમીનમાં ખૂંપેલું છે. આ યંત્રનો ઉપયોગ સૂર્ય અને અન્ય તારાઓની સ્થિતિ તેમજ વિષુવવૃત્તીય રેખાના સંદર્ભમાં તેમના સ્થાન નક્કી કરવા માટે થતો હતો. તેવી જ રીતે ‘રામ યંત્ર’ નામના નળાકાર સ્થાપત્ય દ્વારા પૃથ્વી પરથી આકાશમાં દેખાતા ગ્રહોની ઊંચાઈ અને ખૂણો માપવામાં આવતો હતો, જ્યારે ‘મિશ્ર યંત્ર’ દ્વારા વર્ષના સૌથી ટૂંકા અને સૌથી લાંબા દિવસની ગણતરી થતી હતી. આ સ્થાપત્ય એ વાતની જીવંત સાક્ષી પૂરે છે કે પશ્ચિમી દેશોમાં આધુનિક વિજ્ઞાનનો વિસ્ફોટ થયો તે પહેલાં જ ભારતમાં આટલી અદ્યતન ખગોળીય ગણતરીઓ પથ્થરના યંત્રો દ્વારા શક્ય બની રહી હતી.





સમય બદલાયો અને ૧૮મી સદીની આ વૈજ્ઞાનિક ધરોહર ૨૧મી સદીમાં એક સામાજિક અને રાજકીય ક્રાંતિનું કેન્દ્ર બની ગઈ. જંતર મંતર કેવી રીતે એક વૈજ્ઞાનિક વેધશાળામાંથી દેશના સૌથી મોટા વિરોધ પ્રદર્શનના સ્થળમાં ફેરવાઈ ગયું, તેનો ઈતિહાસ પણ અત્યંત રોચક છે. અગાઉ દિલ્હીમાં વિરોધ પ્રદર્શનો અને આંદોલનો માટે ઈન્ડિયા ગેટ અને બોટ ક્લબનો ઉપયોગ થતો હતો. ઈન્ડિયા ગેટની આસપાસની વિશાળ જગ્યાઓમાં લાખોની સંખ્યામાં આંદોલનકારીઓ ભેગા થઈ શકતા હતા, પરંતુ ૧૯૮૦ અને ૧૯૯૦ના દાયકામાં અહીં થયેલા કેટલાક વિશાળ આંદોલનો, ખાસ કરીને ૧૯૮૮માં મહેન્દ્ર સિંહ ટીકૈતના નેતૃત્વમાં થયેલા ખેડૂત આંદોલને આખી રાજધાનીનો હવાઈ વ્યવહાર અને સરકારી કામકાજ ઠપ કરી દીધાં હતાં. આના કારણે સરકાર અને વહીવટીતંત્ર માટે કાયદો અને વ્યવસ્થા જાળવવી અત્યંત મુશ્કેલ બની ગઈ હતી. પરિણામે, ૧૯૯૩માં સુરક્ષાના કારણોસર સુપ્રીમ કોર્ટ અને પ્રશાસન દ્વારા બોટ ક્લબ પર પ્રદર્શનો કરવા પર કાયમી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. તે સમયે પ્રશાસનને એવી જગ્યાની જરૂર હતી, જે સંસદભવન અને સરકારી મંત્રાલયોની નજીક હોય, પરંતુ જ્યાં ટ્રાફિક અને સુરક્ષાનો મોટો પ્રશ્ન ઊભો ન થાય. આ માટે જંતર મંતરની સામે આવેલા માર્ગને નિર્ધારિત વિરોધ પ્રદર્શન સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. આ જગ્યા સંસદભવનથી માત્ર થોડા જ અંતરે આવેલી હોવાથી આંદોલનકારીઓ માટે પોતાની વાત દેશના શાસકો સુધી પહોંચાડવાનું સૌથી આદર્શ સ્થળ બની ગયું.

> **એક તરફ જ્યાં પથ્થરના બનેલા યંત્રો આપણને આપણા પૂર્વજોની વૈજ્ઞાનિક પ્રતિભા અને આકાશી પિંડોની ગણતરીની યાદ અપાવે છે, તો બીજી તરફ તેની બહાર થતાં વિરોધ પ્રદર્શનો આપણને આધુનિક ભારતના નાગરિકોના પોતાના અધિકારો પ્રત્યેની જાગૃતિ અને લોકશાહી પ્રત્યેની નિષ્ઠાની યાદ અપાવે છે**

ત્યારબાદના દાયકાઓમાં જંતર મંતરે ભારતનો ઈતિહાસ બદલી નાખનારા અનેક નાના-મોટા આંદોલનો જોયા છે. વર્ષ ૨૦૧૧માં અણ્ણા હજારેના નેતૃત્વમાં શરૂ થયેલું ‘ઈન્ડિયા અગેન્સ્ટ કરપ્શન’ એટલે કે જન લોકપાલ આંદોલન જંતર મંતર પર જ આકાર પામ્યું હતું. આ આંદોલને દેશના યુવા વર્ગમાં નવી રાજકીય ચેતના જગાડી હતી અને તેના જ પરિણામે ભારતીય રાજકારણમાં આમ આદમી પાર્ટીનો જન્મ થયો હતો. આ સિવાય, વન રેન્ક, વન પેન્શન માટે નિવૃત્ત સૈનિકોનું આંદોલન હોય, તમિલનાડુના ખેડૂતોનું દુષ્કાળ સામેનું અનોખું વિરોધ પ્રદર્શન હોય, એફડીઆઈ સામેના વેપારીઓના આંદોલનો હોય કે તાજેતરમાં દેશની આંતરરાષ્ટ્રીય સ્તરની મહિલા પહેલવાનો દ્વારા કુશ્તી સંઘના વડા સામે કરવામાં આવેલો વિરોધ હોય, આ તમામ ઘટનાઓનું સાક્ષી જંતર મંતર બન્યું છે.

જંતર મંતરની વિશેષતા એ છે કે અહીં એક જ સમયે અસંખ્ય નાનાં-મોટાં જૂથો શાંતિપૂર્ણ રીતે પોતાની-પોતાની માગણીઓ સાથે બેસી શકે છે. કોઈ એક ખૂણામાં દૂર-દૂરથી આવેલા આદિવાસીઓ પોતાના જળ, જંગલ અને જમીન માટે નારા લગાવતા હોય, તો બીજી તરફ શૈક્ષણિક સુધારાની માંગ કરતા વિદ્યાર્થીઓ કે પેન્શન વધારવાની અપીલ કરતા વૃદ્ધો બેઠા હોય. આ સ્થળ કોઈપણ ભેદભાવ વિના દરેક નાગરિકને પોતાનો અવાજ ઉઠાવવાની સમાન તક આપે છે. તે ભારતની બહુલતાવાદી સંસ્કૃતિ અને લોકશાહી મૂલ્યોનું પ્રતીક બની ગયું છે. જોકે, જંતર મંતરની આ સફર ઉપદ્રવ રહિત રહી નથી. વિરોધ પ્રદર્શનોના કારણે સ્થાનિક રહીશોને થતી અગવડતા, સતત વાગતા લાઉડસ્પીકર અને ગંદકીને કારણે ૨૦૧૭માં નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ દ્વારા જંતર મંતર પર પ્રદર્શનો કરવા પર રોક લગાવી દેવામાં આવી હતી અને વિરોધ પ્રદર્શનોને રામલીલા મેદાનમાં ખસેડવાનો આદેશ આપવામાં આવ્યો હતો. પરંતુ પાછળથી સુપ્રીમ કોર્ટે નાગરિકોના વિરોધ કરવાના મૂળભૂત અધિકારને પ્રાધાન્ય આપતાં જંતર મંતર પર શરતી પ્રદર્શનો કરવાની પુનઃ મંજૂરી આપી હતી. અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે લોકશાહીમાં નાગરિકોના અવાજને સંપૂર્ણપણે દબાવી શકાય નહીં અને તેમને સરકારની નજીક પોતાની વાત રજૂ કરવાનો અધિકાર છે.

અંતમાં, જંતર મંતર ભારતીય ઈતિહાસનો એવો દસ્તાવેજ છે, જે ભૂતકાળ અને વર્તમાનને અદ્ભુત રીતે જોડે છે. એક તરફ જ્યાં પથ્થરના બનેલા યંત્રો આપણને આપણા પૂર્વજોની વૈજ્ઞાનિક પ્રતિભા અને આકાશી પિંડોની ગણતરીની યાદ અપાવે છે, તો બીજી તરફ તેની બહાર થતાં વિરોધ પ્રદર્શનો આપણને આધુનિક ભારતના નાગરિકોના પોતાના અધિકારો પ્રત્યેની જાગૃતિ અને લોકશાહી પ્રત્યેની નિષ્ઠાની યાદ અપાવે છે. આ સ્થળ માત્ર પ્રવાસીઓ માટેનું જોવાલાયક સ્થળ નથી, પરંતુ તે ભારતીય માનસિકતા, સત્ય અને ન્યાય માટેની લડાઈનું જીવંત કેન્દ્ર છે. સવાઈ જયસિંહે સમય માપવા માટે જે પથ્થરો કંડાર્યાં હતાં, તે જ સ્થળે આજે દેશનો સમય અને રાજકીય ભવિષ્ય નક્કી કરવા માટે જનતા પોતાના અવાજનો ઘંટનાદ કરે છે. જંતર મંતર ગઈકાલે પણ દેશની દિશા નક્કી કરતું હતું અને આજે પણ ભારતીય લોકશાહીની ધડકન



# શરૂઆત જરૂરી છે

**આંખની અટારી**

★ હેમુ ભીખુ

શરૂઆત એટલે કોઈપણ બાબતનો પ્રારંભ, તે બાબત માટેનું પહેલું પગથિયું, તે દિશામાં ભરાયેલું પહેલું પગલું. શરૂઆત માટે ઉત્સાહ હોવો જોઈએ. દરેક શરૂઆત ઉત્સાહયુક્ત હોવી જોઈએ, પરંતુ માત્ર ઉત્સાહ પૂરતો નથી. શરૂઆત અગત્યની છે, પણ માત્ર શરૂઆત પૂરતી નથી. જ્યાં સુધી અંતિમ લક્ષ્ય સુધી પહોંચવામાં ન આવે ત્યાં સુધી પ્રયત્નો સતત ચાલુ રહેવા જોઈએ.

એક કહેવત છે - ‘‘ગુજરાતી આરંભે શૂરા.’’ હવે કદાચ આ કહેવત સંપૂર્ણપણે સાચી લાગતી નથી. આજે વિશ્વભરમાં ગુજરાતીઓ જે ડંકો વગાડી રહ્યા છે તે પ્રશંસનીય છે. તેમણે માત્ર શરૂઆત જ કરી નથી, પરંતુ ઉચ્ચ લક્ષ્યો પણ સિદ્ધ કર્યા છે. આ માટે પ્રખર આયોજન, દૃઢ મનોબળ, શક્તિ અને સાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ, સંજોગોને અનુરૂપ સમયસારણી, સંતુલિત પરંતુ ધ્યેયલક્ષી પરિશ્રમ, પરસ્પર સહકારની ભાવના અને નૈતિકતા-પૂર્ણ શુદ્ધ હેતુ મદદરૂપ બને છે. ‘‘શરૂઆત’’ની સાથે જ આ બધી બાબતો યોગ્ય પરિપ્રેક્ષ્યમાં ગોઠવાઈ જવી જોઈએ. સફળતાની આ જ સાચી ચાવી છે.

દરેક કાર્યનું અંતિમ લક્ષ્ય તો ‘‘સફળતા’’ જ હોય છે. સફળતા એટલે એવી સ્થિતિ, જ્યાં પરિશ્રમના અંતે હેતુ સિદ્ધ થાય. સફળતા એટલે એવો પડાવ, જ્યાં ઈચ્છિત પરિણામ પ્રાપ્ત થાય. સફળતા એટલે એવી સિદ્ધિ, જેનાથી નિર્ધારિત કાર્ય યોગ્ય રીતે પૂર્ણ થયાની પ્રતીતિ થાય. આમ તો સફળતા એક માનસિક અવસ્થા છે, પરંતુ તેનો આધાર વાસ્તવિક પરિણામ પર રહેલો છે. સફળતા પ્રાપ્ત થતાં મન સંતોષ અને તૃપ્તિ અનુભવે છે, લક્ષ્ય પ્રાપ્ત થયાનો આનંદ મેળવે છે, કાર્ય પૂર્ણ થવાથી રાહત અનુભવે છે અને હેતુને વાસ્તવિકતામાં પરિણમતો જોઈ ગૌરવની લાગણી અનુભવે છે. આનાથી વિપરીત પરિસ્થિતિ એટલે નિષ્ફળતા.

સમજવાની વાત એ છે કે નિષ્ફળતા પણ સફળતા તરફનું એક ડગલું બની શકે. નિષ્ફળતામાંથી બોધપાઠ લઈને સફળતા તરફ વધુ વિશ્વાસપૂર્વક આગળ વધી શકાય. નિષ્ફળતાને જો વચગાળાની સ્થિતિ માનવામાં આવે, તો આગળનો પ્રવાસ વધુ ઉત્સાહથી શરૂ કરવામાં મુશ્કેલી પડતી નથી. નિષ્ફળતાને જો અંશતઃ સફળતા તરીકે જોવામાં આવે, તો સફળતાની કલ્પના વધુ સ્પષ્ટ બની શકે. વળી, નિષ્ફળતાના કારણે સમય અને સાધનોની કિંમત વધુ સારી રીતે સમજાય છે. નિષ્ફળતા વ્યક્તિની ક્ષમતા અને નબળાઈ બંનેને વધુ સ્પષ્ટ રીતે ઉજાગર કરે છે.

નિષ્ફળતાનું યોગ્ય મૂલ્યાંકન કરવામાં આવે તો ખબર પડે કે ક્યાં ભૂલ થઈ, ક્યાં દિશા ખોટી હતી, ક્યાં ગેરસમજ થઈ, ક્યાં વધુ પડતો આત્મવિશ્વાસ નુકસાનકારક સાબિત થયો, ક્યાં ગણતરી ખોટી પડી, ક્યાં સંજોગો નિયંત્રણની બહાર જતા રહ્યા, ક્યાં કઈ બાબતની ખોટ ઊભી થઈ, ક્યાં પૂર્વધારણાઓ ખોટી સાબિત થઈ, ક્યાં વાસ્તવિકતા અને આદર્શ વચ્ચે અંતર રહી ગયું, ક્યાં સંભાવનાઓ પર મર્યાદાઓ હાવી થઈ ગઈ અને ક્યાં કલ્પનાના ઘોડાને લગામની જરૂર હતી. આ બધી બાબતોનું યથાર્થ મૂલ્યાંકન થાય તો નિષ્ફળતા પણ સફળતાની સંભાવનાઓ વધારી શકે. ઘણી વખત એવું લાગે છે કે સફળતા કરતાં નિષ્ફળતા માનવીનું ઘડતર વધુ વ્યવસ્થિત રીતે કરતી હોય છે તેથી જ કહી શકાય કે જીવનમાં સફળતાની જેમ નિષ્ફળતા પણ એટલી જ જરૂરી છે. એમ કહેવાય છે કે દરેક કાર્યનો આરંભ ‘‘વિચાર’’થી થાય છે. કોઈપણ કાર્ય સૌપ્રથમ મનમાં વિચાર સ્વરૂપે જન્મે છે. પછી તે જુદા જુદા તબક્કાઓમાંથી પસાર થઈ પરિપક્વ બને છે અને તેને સાકાર કરવાના પ્રયત્નો શરૂ થાય છે. આ સમગ્ર પ્રક્રિયામાં વિવેક, ચોકસાઈ, પોતાની ક્ષમતાની યથાર્થ સમજ, ઉપલબ્ધ સાધનો, પ્રવર્તમાન સંજોગોનું ઝીણવટપૂર્વક વિશ્લેષણ, સમયના સંદર્ભમાં નક્કી કરેલા ધ્યેયનું મૂલ્યાંકન અને આ બધી બાબતોનો સમન્વય અત્યંત જરૂરી બને છે. જ્યારે આ બધી બાબતો એકબીજા સાથે સુસંગત અને એકરેખીય હોય, ત્યારે સફળતાની સંભાવના વધી જાય છે. આ બધાની સાથે વિચારશીલ આયોજન, યોગ્ય ટીમનું નિર્ધારણ અને શિસ્તબદ્ધ અમલીકરણ પણ અનિવાર્ય છે. માત્ર શરૂઆત કરી દેવાથી કાર્ય પૂર્ણ થવાની શક્યતા ઊભી થતી નથી.

> **ઘણી વખત એવું લાગે છે કે સફળતા કરતાં નિષ્ફળતા માનવીનું ઘડતર વધુ વ્યવસ્થિત રીતે કરતી હોય છે તેથી જ કહી શકાય કે જીવનમાં સફળતાની જેમ નિષ્ફળતા પણ એટલી જ જરૂરી છે**

ગીતા કહે છે કે પ્રત્યેક ‘‘ઈચ્છાયુક્ત’’ આરંભનો ત્યાગ કરવો જોઈએ. અલબત્ત, તે આધ્યાત્મિક ક્ષેત્રની વાત છે. ગીતા એ પણ કહે છે કે ‘‘તું તારું નિયત થયેલું કર્મ કર.’’ જો યુદ્ધ સામે આવીને ઊભું હોય, તો લડવું જોઈએ, અને તે પણ જીતવાના સંકલ્પ સાથે. આ વાત દરેક કાર્ય માટે એટલી જ લાગુ પડે છે. જીવનમાં કેટલાક નિયત કર્મો હોય છે, જે પૂર્ણ કરવાના હોય છે. જીવન સાથે કેટલીક જવાબદારીઓ જોડાયેલી હોય છે, જે નિભાવવાની હોય છે. જીવન સાથે કેટલાક મૂલ્યો અને હેતુઓ પણ જોડાયેલા હોય છે, જેમની જાળવણી જરૂરી બને છે. જીવન ત્યારે જ સફળ ગણાય, જ્યારે ‘‘ધર્મ’’ તરીકે સ્વીકારેલા કાર્યોમાં સફળતા મળે. આ ધર્મની પરિભાષા દરેક વ્યક્તિ પોતાની રીતે નક્કી કરી શકે છે. ધર્મ તરીકે સ્વીકારેલી બાબતો માટે કાર્યની શરૂઆત અત્યંત અગત્યની છે.

ઘણા સંજોગોમાં એવું જોવા મળે છે કે શરૂઆત કરવા માટે એક અજાણ્યો ડર મનમાં વસેલો હોય છે. આ સહજ માનવીય માનસિકતા છે. પરંતુ તેનાથી ગભરાવું નહીં, તેનાથી અટકવું નહીં; તેને પડકાર તરીકે સ્વીકારી આગળ વધવું જોઈએ. શરૂઆત થશે તો જ આગળનો માર્ગ ખુલશે.

શરૂઆત જરૂરી છે, પરંતુ માત્ર શરૂઆતથી સફળતા મળતી નથી. એટલું જ સત્ય એ પણ છે કે સફળતા માટે શરૂઆત અનિવાર્ય છે. સફળતાનો સાચો સંતોષ ત્યારે જ મળે, જ્યારે શરૂઆતથી અંતિમ પડાવ સુધીની યાત્રા ઈચ્છિત પરિણામ આપે. તેથી આ યાત્રાની શરૂઆત તો કરવી જ પડે. શરૂઆત હશે, તો જ સાર્થક અંત હશે.